જા નં./નિઅને અસ/અષણ-૦૧/ /૦૭
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકારી ખાતું , ગુ. રા. વીંગ "બી "
કૃષિભવન, પાલડી,અમદાવાદ
ફોન .૨૬૫૭૭૩૮૨ ફેકસ: ૨૬૫૭૭૩૯૨
Email : exoff-agri-ahd@gog.in
તારીખ -: / ૦૭ / ૦૭.

પ્રતિ,
સ્પેશ્યલ ઓડીટર (દુધ)
મિલ્ક ઓડીટ ઓફીસ ,
તમામ.

વિષયઃ- <u>સંઘોના ટેસ્ટ ઓડીટ કરવા બાબત</u>

સાદર ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, આપ સર્વે સ્પે.ઓડીટરોને સુવિદિત છે કે તમો સતત અને સમવાયી ધોરણે દૂધ સંઘોના ઓડીટ કરોછો. આ સંઘોના અદ્યાપિ કોઈ ટેસ્ટ ઓડીટ થયાનું કે આવી કોઈ પધ્ધતિ અમલમાં હોય તેવું નથી. તેથી ઓડીટ ગુણવત્તા યુકત થાય છે કે કેમ? મહત્વની બાબતો પર પ્રકાશ પાડવામાં ન આવ્યુ હોય તેવુ બની શકે.

સંઘોનું વહીવટી અને નાણાંકીય ઓડીટ થાય છે તે મહદ અંશે સંઘના ઓડીટ મહેકમ ધ્વારા કરવામાં આવે છે. તેઓનું ટેસ્ટ ચેકીંગ અત્રેની કચેરીના પત્ર નં નિ અને અસ/અષણ- ૦૫/૧૦૩૩ તા ૧૬/૬/૨૦૦૭ની સુચના હોવા છતાં ટેસ્ટ ચેક કરવામાં આવે છે કે કેમ? તે પણ એક પ્રશ્ન છે?

સંઘના ઓડીટમાં રચનાત્મક અભિગમ અપનાવી સારી બાબતો ને હાઈલાઈટ કરી પ્રોત્સાહક સુચનો કરવામાં આવે તે પણ જરૂરી છે. સહકારી કાયદાની કલમ - ૮૪ અન્વયે સમિતિને ઓડીટ, રિઓડીટ અને ટેસ્ટ ઓડીટ કરવાની સત્તા પ્રાપ્ત થયેલ છે. સમગ્ર હકીકતોને ધ્યાને લઈ તમામ દૂધ સંઘોનું ટેસ્ટ ઓડીટ કરવું જરૂરી જણાયેલ હોઈ અત્રેથી ચાલુ નાણાંકીય વર્ષમાં સંઘોનું મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી ધ્વારા ટેસ્ટ ઓડીટ કરવાનું નકકી કરેલ છે, આપના સંઘનું ટેસ્ટ ઓડીટ કરવાનું છે. તે માટેની તારીખો હવે પછી જણાવવામાં આવશે.

સંઘોમાં પ્રોસેસીંગ,પા્રેડકસન અને માકે્રટીંગ તેમજ પ્લાન્ટ વિષયક ઉપકરણો, મશીનરી વિગેર નું ઓડીટ બરાબર થાય છે કે કેમ ? તે સધળી બાબતો પર ટેસ્ટ ઓડીટ ધ્વારા ખાસભાર મુકવામાં આવશે.

વધુમાં વર્ષ દરમ્યાન બોર્ડઓફ ડીરેકટર્સ જે ઠરાવો કરે છે તે કાયદા કાનૂન અને પેટા - નિયમો અનુસાર યોગ્ય રીતે થયેલ છે કે કેમ તે પણ ધ્યાને લેવાશે. આમ ટેસ્ટ ઓડીટની પધ્ધતિ દાખલ કરવાથી સમિતિ સંઘોની કામગીરીમાં હકારાત્મક પ્રદાન કરી શકશે.

મુખ્ય કાર્યપાલક અધિકારી
નિરીક્ષણ અને અન્વેષણ સમીતી
સહકારી ખાતુ, ગુ.રા. અમદાવાદ

નકલ રવાના: -
ચેરમેનશ્રી / મેનેજીંગ ડિરેકટરશ્રી, (તમામ)